# ગઝલ લખવી એટલે કાચને કલાઈ કરવા જેવું કામ છે : ધૂનિ માંડલિયા

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સમાચાર, સંદેશ-સમભાવ જેવા વર્તમાન પત્રોના વરિષ્ઠ પત્રકાર, નિબંધકાર, ગઝલકાર ધૂનિ માંડલિયા રવિવારે ગાંધીનગર સાહિત્ય સભાની મહેફીલ સજાવવા ખાસ પધાર્યા હતાં.

**ગઝલ લખવી એટલે પાણીની ઢગલી કરવા જેવી વાત છે**

**શબદના હાથ પગ બાંધી કાગળ પર તરવા જેવી વાત છે.**



જેવાં પ્રથમ શેરથી જ ધૂનિ છવાઈ ગયા. સુગંધનું સરોવર, કોડિયાનું અજવાળું, શ્રાવણમાં શિવજી સ્મરણ, ઝૂરે ઝરૂખો... જેવાં ૧૫ જેટલાં સાહિત્યથી તરબતર પુસ્તકો એમણે સાહિત્ય પ્રેમીઓને આપ્યા છે. એમણે વિવિધ રસ દર્શનનાં કેટલાક છુટા શેર સાથે પ્રસિધ્ધ ગઝલો સંભળાવી અને દાદ મેળવી ગયાં.

આ કાર્યક્રમ સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિની અધ્યક્ષતામાં યોજાયો. આ પ્રસંગે ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રવીણ ગઢવી, નટવર હેડાઉ, કિશોર જિકાદરા, સંજય થોરાત, ફિલીપ કલાર્ક જેવા સર્જકો સાથે ઘણાં સાહિત્યપ્રેમીઓ ધૂનિ માંડલિયાને સાંભળવા પધાર્યા હતા. કડી કેમ્પસના ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ ગુજરાતી સાહિત્યના પ્રચાર અર્થે વિવિધ સ્પર્ધા યોજે છે એ વિજેતા વિદ્યાર્થીઓને 'ધૂનિ' માંડલિયાના હસ્તે પ્રમાણપત્ર અપાયાં.

કાર્યક્રમના સંચાલનમાં મંત્રી મૂળજીભાઈ પરમારે યોગદાન આપ્યું હતું. ધૂનિ માંડલિયોએ એમની લોક ચાહનાની ઝલક બતાવતી ગઝલ રજુ કરી સાહિત્યપ્રેમીઓને રાજી કરી દીધાં. એમનો એક શેર તો બધાને ખૂબ ગમી ગયો.

**એ નથી આવ્યાં હજી મહેફિલમાં**

**ગઝલ બીજી સરસ છે, પણ નહિ કહું**

ગાંધીનગર સાહિત્ય સભા જાણીતા સાહિત્યકારોને બોલાવી આવાં સુંદર કાર્યક્રમો યોજી ગુજરાતી સાહિત્યની સેવા કરી રહી છે.

# સરકારની અણઘડ નીતિને કારણે રાજ્યમાં શિક્ષણનું સ્તર કથળ્યુ

## ઉચ્ચ પ્રાથમિકમાં શિક્ષકોની ઘટ : ઉચ્ચ માધ્યમિકમાં બે વર્ષથી કોમર્સના શિક્ષકોની નિમણૂંક કરાઈ નથી : ૪૦ની કેપેસીટીવાળા વર્ગખંડોમાં ૬૦ બાળકો બેસાડવાનો નિર્ણય : સફાઈ, સેનીટેશન અને પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થાનો અભાવ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતમાં શિક્ષણનું સ્તર સતત કથળતુ જઈ રહ્યું છે તે માટે રાજ્ય સરકારના અણઘડ વહીવટ જવાબદાર ઠેરવાઈ રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ચિંતન શિબિરો, ગુણોત્સવ વગેરે કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. પરંતુ શિક્ષણનીતિ અંતર્ગત લેવાઈ રહેલા નિર્ણયો શિક્ષણની ઘોર ખોદી રહ્યાં છે. ગુજરાત સરકાર દ્વારા ઉચ્ચ પ્રાથણિક શિક્ષણ માટે શિક્ષકોની ભર્તી કરવામાં આવતી નથી. જુના વર્ગખંડોની હાલત સુધારાતી નથી ને તેમાં હવે ૪૦ના બદલે ૬૦ વિદ્યાર્થીઓ બેસાડવાનો નિર્ણય લેવાયો છે, શાળામાં સફાઈ, સેનિટેશન તેમજ પીવાના શુદ્ધ પાણીની પણ વ્યવસ્થા હોતી નથી. વગેરેના કારણે રાજ્યમાં શિક્ષણની હાલત દિવસે ને દિવસે બદત્તર થઈ રહી છે.

સરકાર દ્વારા ધો. ૧ થી ૪ ને નિમ્ન પ્રાથમિક જાહેર કરાયું છે. જેમાં શિક્ષકોની લાયકાત પીટીસી રાખવામાં આવી છે. જ્યારે ધો. ૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક વિભાગ કરવામાં આવ્યું છે. જેમાં શિક્ષકની લાયકાત પીટીસી સ્નાતક અથવા સ્નાતક બી.એડ. કરવામાં આવી છે. ઉચ્ચ પ્રાથમિકમાં શિક્ષકોની ઘટ છે જ્યારે સરકાર નિમ્ન પ્રાથમિકની જગ્યાઓ પીટીસી શિક્ષકોથી ભરવાના પ્રયત્નો કરી રહી છે. ઉચ્ચ પ્રાથમિકમાં પીટીસી શિક્ષકો શિક્ષણ આપી રહ્યા છે. જેમને નવો અભ્યાસક્રમ આવડતો જ નથી. આ ઉપરાંત અંગ્રેજીના શિક્ષણ માટે અંગ્રેજીનો શિક્ષક મુકવાને બદલે ભાષાના શિક્ષકની નિમણૂંક કરવામાં આવી રહી છે. આ સંજોગોમાં શિક્ષણનું સ્તર કેવી રીતે સુધરી શકે તે પ્રશ્નાર્થ છે.

ગામડાઓની શાળામાં જૂના વર્ગખંડો ૪૦ બાળકોની કેપેસીટી ધરાવે છે. જ્યારે સરકારે એક વર્ગમાં ૬૦ બાળકોની સંખ્યાનો નિર્ણય લીધો છે. તો બાકીના બાળકો ક્યાં બેસશે તે વિચારણાનો પ્રશ્ન છે. વળી, એક જ શિક્ષક ૬૦ બાળકો સુધી કેવી રીતે પહોંચી શકશે તે પણ સરકાર દ્વારા વિચારવામાં નથી આવ્યું. ધો. ૭ માં સરકારે બે વર્ગની છૂટ આપી છે. અને વિદ્યાર્થીઓને દર વર્ષે ઉપરના વર્ગમાં લઈ જવાનો નિર્ણય પણ લેવાયેલો છે. પરંતુ ધો. ૮માં એક જ વર્ગની મંજુરી આપવામાં આવે છે તો આ બાળકો કઈ રીતે સમાવાશે? ઉચ્ચ માધ્યમિકમાં કોમર્સના શિક્ષકોની બે વર્ષથી નિમણુંક નથી કરવામાં આવી ત્યારે તે બાળકોના શિક્ષણ સામે ગંભીર સવાલો ખડા થઈ રહ્યાં છે. સરકારની ગ્રાન્ટેડ શાળાઓમાં સફાઈ સેનેટેશીયન અને શુદ્ધ પાણીની વ્યવસ્થાનું આયોજન પણ સરકારે તાકીદે કરવુ જરૂરી છે જે બાળકોના આરોગ્ય માટે અગત્યનું છે. આ પરિસ્થિતિઓમાં રાજ્યમાં શિક્ષણનું સ્તર સુધરે તેવા કોઈ જ આસાર જણાતા નથી.

# ગાંધીનગરમાં મેડિકલ કાઉન્સીંગ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

કમિશનર આદિજાતિ વિકાસની કચેરી તેમજ રાજ્ય સરકારના કેબીનેટમંત્રી મંગુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારના પ્રારંભે કેબીનેટ મંત્રી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં આદિજાતિ વિકાસ વિભાગના સચિવે આદિજાતિ વિકાસની વિવિધ દ્વારા લોન પણ આપવામાં આવશે. તેઓની ફી સરકાર દ્વારા ભરવામાં આવશે. કાર્યક્રમમાં શિક્ષણ બોર્ડના





સહયોગથી મેડિકલમાં ગુજકેટની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા જનજાતિય વિદ્યાર્થીઓ માટે મેડિકલ કાઉન્સીંગ સેમિનાર યોજાયો હતો. જેમાં ઉપસ્થિત મહાનુભાવો અને આમંત્રિતોએ વિશેષ માર્ગદર્શન અને માહિતી આપી વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન કર્યુહતુ. કાર્યક્રમના અધ્યક્ષપદે રાજ્યના અધ્યક્ષ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બી. જે. મેડીકલ કોલેજના પ્રવેશ સમિતિના અધિકારી અને આમંત્રિતોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતુ અને દુર્ગમ અને અંતરીયાળ વિસ્તારમાં વસતા અનુસૂચિત જનજાતિઓના મેડિકલમાં ગુજકેટની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ૫૫૮ યોજનાઓની શિષ્યવૃત્તિ, સાધન સહાય, ફૂડબીલ, બુક બેંક તથા છાત્રાલયોની સુવિધાઓ અંગેની જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત જે વિદ્યાર્થીઓ આર્થિક રીતે સક્ષમ ન હોય તથા મેડિકલ પ્રવેશ અંગેની એડવાન્સ ફી ભરી શકે તેમ ન હોય તેવા વિદ્યાર્થીઓને ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર ચેરમેને વિદ્યાર્થીઓને બોર્ડમાં તથા ગુજકેટમાં વધુ માર્ક મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે મેડિકલની પ્રવેશ સમિતિના અધિકારીઓએ પ્રવેશ પ્રક્રિયાનું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે કાર્યપાલ નિયામક આર. જે. પટેલે આભારવિધિ કરી હતી.

## આજે આઈટીઆઈ ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

સેકટર-૧૫ સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ખાતે આજે રોજગાર ભરતી મેળો યોજાશે. આઈટીઆઈ પાસ તમામ ટ્રેડના બેરોજગાર યુવાનોને ભરતી મેળામાં ઉપસ્થિત રહેવા જણાવાયુંછે. ગાંધીનગર સેકટર-૧૫માં આવેલ આઈટીઆઈ સ્થિત હોસ્ટેલ બિલ્ડીંગ ખાતે આજે બુધવાર બપોરે ૧.૩૦ વાગે રોજગાર ભરતી મેળો યોજાશે. મેળામાં નામાંકિત કંપનીના અધિકારીઓ ઉપસ્થિત રહેશે. રોજગાર ભરતી મેળામાં આઈટીઆઈ પાસ તમામ ટ્રેડના બેરોજગાર યુવાનોને ઉપસ્થિત રહેવા આઈટીઆઈના આચાર્ય એ જણાવ્યું છે.

## નાગરિક પરિષદની ખાસ બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની ખાસ બેઠક આગામી ૧૬ જુલાઈ ગુરુવારે સેકટર-૧ સ્થિત શિવાલય ખાતે મળશે. બેઠકમાં અત્યાર સુધી કરવામાં આવેલ કાર્યની સમીક્ષા કરવામાં આવશે તેમજ ભાવિ કાર્યક્રમોની રણનીતિ નક્કી કરાશે આ બેઠકમાં પરિષદના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ ચોપડા વિતરણ કરશે

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવશે. ચાલુ વર્ષ ધોરણ:૫ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચોપડા આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ ચાલુ વર્ષ એપ્રિલ-મે, ૨૦૧૫ પાસ કરવામાં આવેલ પરીક્ષાની માર્કશીટ નકલ સંસ્થાના આગેવાનોને ૩૦ જુલાઈ સુધી પહોંચાડવા જણાવાયું છે. જેમાં પી.જે. રાઠોડ, સે. ૨૭, એન.એમ. મોઢવાડિયા, સે. ૧૪, સુનિલ વાઘેલા, માણસા, ચન્દ્રકાન્ત પરીખ અમદાવાદ, અશોકભાઈ મહેરિયા - લીંબોદ્રાનો સંપર્ક કરવો.

# ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ૧૫૦૦થી વધારે જગ્યા ખાલી

## ભરતી અંગે સરકાર દ્વારા વહેલીતકે નિર્ણય કરી શાળામાં આચાર્યોની ભરતી શરૂ કરવામાં આવે તેવી માંગણી ઉઠી

અમદાવાદ, તા. ૧૪

સમગ્ર ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષથી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ભરતી કરવામાં આવી નથી. જેના કારણે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં આશરે ૧૫૦૦ જેટલા આચાર્યોની જગ્યા ખાલી પડેલ છે. સરકાર દ્વારા આ મામલે ઘણાં સમયથી કોઈ જ નિર્ણય લેવાયો ન હોવાનું જાગૃતો જણાવી રહ્યા છે. આચાર્યની ભરતી બાબતે રાજય સરકાર દ્વારા સત્વરે નિર્ણય લઈ શાળાઓમાં આચાર્યની ભરતી શરૂ કરવામાં આવે તેવી માંગ જાગૃતો દ્વારા કરવામાં આવી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજય સરકાર અને શિક્ષણ વિભાગે એક ઉમદા અને ઉત્તમ વિચાર સાથે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ભરતી શરૂ કરી હતી. જેનો હેતુ ભરતી પ્રક્રિયાથી નિષ્પક્ષ રીતે દરેક શાળાના આચાર્યની ભરતી કરવાનો છે. જેથી માધ્યમિક શિક્ષણધારો ૧૯૭૨ની કલમ ૩૫ રદ કરી નવી ભરતી પ્રક્રિયાનું જાહેરનામું વર્ષ ૨૦૧૦માં બહાર પડાયું હતું. જે અંતર્ગત ભરતી માટેની સૌપ્રથમ પરીક્ષા વર્ષ ૨૦૧૧માં યોજાઈ હતી અન કમિશ્નર, શાળાઓની કચેરી દ્વારા ૨૦૧૨માં જિલ્લા લેવલે કેમ્પનું આયોજન કરી ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી. જો કે અ ભરતી પ્રક્રિયા આજદિન સુધી પુરી કરવામા ન આવી હોવાનું શિક્ષણવિદો જણાવી રહ્યા છે. હજી કેટલીયે શાળાઓમાં પસંદગી પામેલ આચાર્યોને સંચાલકો દ્વારા હાજર કરવામાં આવ્યા નથી. ભરતી પ્રક્રિયા અંગે મનમાની કરી શૈક્ષણિક કાર્યમાં બાધારૂપ બનતા આવા સંચાલકો સામે માધ્યમિક શિક્ષણ ધ્વારા ૧૯૭૨ની કલમ ૩૩ મુજબ આવી શાળાઓનો વહીવટ સરકાર પોતાને હસ્તક કેમ નથી લેતી તેમજ આવી શાળાઓન માન્યતા રદ કેમ નથી કરાતી તેવા પ્રશ્નો જાગૃતોમાં ચર્ચાનો વિષય બન્યા છે. વર્ષ ૨૦૧૪માં આચાર્યની ભરતી માટેની પરીક્ષા ફરીથી લેવાઈ હતી. જેને પણ ઘણો સમય વીતી ગયો હોવા છતાં પણ ભરતી પ્રક્રિય શરૂ કરાઈ નથી.

એક અંદાજ મુજબ રાજયભરમાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં છેલ્લા ત્રણ વર્ષથી આશરે ૧૫૦૦ જેટલા આચાર્યોની જગ્યા ખાલી પડે છે. પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા આ મામલે ભરતી પ્રક્રિયા હાથ ધરાતી નથી.

## અષ્ટસખા દરબાર મનોરથ

ગાંધીનગર, તા. ૧૪

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે આજે બુધવારે પવિત્ર અધિકમાસ નિમિત્તે અષ્ટસખા દરબાર મનોરથ યોજાશે.

# નળકાંઠા વિસ્તારના બીસ્માર રસ્તાઓના કામો મંજુર કરવા ઉગ્ર રજુઆત

ગાંધીનગર, તા. ૧૪

સાણંદ બાવળા મત વિસ્તારના નળકાંઠા વિસ્તારના અંતરિયાળ ગામોમાં માર્ગોને મંજુર કરવા માટે રાજ્યના માર્ગ મકાન વિભાગના મંત્રીને સાણંદના ધારાસભ્ય કરમશીભાઈ પટેલે લેખીત રજુઆત કરી છે. સાણંદના ધારાસભ્ય કરમશીભાઈ પટેલે માર્ગ અને મકાનમંત્રીને લેખીત પત્ર લખીને રજુઆત કરી છે કે મારા મત વિસ્તારમાં મે જણાવેલ રસ્તાઓના કામોના એકપણ રસ્તાના કામનો જોબનંબર આપવામાં આવેલ નથી અને મારા સૂચવ્યા પ્રમાણેના મંજુર કરેલ નથી મે અગાઉ આપને મારા લેખિત પત્ર દ્વારા રસ્તાના કામો લખીને આપેલ છે.

ધારાસભ્ય કરમશીભાઈ પટેલે પત્રમાં જણાવ્યું છે કે નળકાંઠા પછાત વિસ્તારના અંતરિયાળ ગામોના રસ્તાઓ મંજુર કરતા નથી કારણ કે તે રસ્તાઓ તુટી ગયેલા અને મોટા મોટા ગાબડાઓ પડી ગયેલ હોવા છતાં મંજુર કરવામાં આવતા નથી. જેના કારણે આવા ગામોની પ્રજાને ગામની બહાર જવા આવવા માટે ખૂબ જ મુશ્કેલી પડે છે. આથી આ ગામોના રસ્તાઓના કામોને જોબ નંબર આપીને મંજુર કરવા વિનંતી છે.

## ગાંધીનગર ગોઝારીયા માર્ગ પર તા. ૧૫થી ૧૭ જુલાઈ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જોગ

ગાંધીનગર, તા. ૧૪

બોરુ ગોઝારીયા લાઇનના ડેમેજ થયેલ કડંકટર બદલવાના હોઈ ગાંધીનગર ગોઝારીયા હાઈવે તા. ૧૫ થી ૧૭ જુલાઈ, ૨૦૧૫ સુધી સવારના ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક તથા સાંજના ૫.૦૦ થી ૭.૦૦ કલાક સુધી બંધ રહેશે, તેવો હુકમ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે એક જાહેરનામું બહાર પાડીનો કર્યો છે.

આ જાહેરનામામાં જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જણાવ્યું છે કે, આ માર્ગ પરનો ટ્રાફિક ખરણા ગામથી પારસા ગામ થઈ ગોઝારીયા ગામ ડાયવર્ટ કરવામાં આવશે. આ હુકમ કે જાહેરનામાનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ના પ્રકરણ ૧૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

# ગોલ્ડ મેડાલીસ્ટને કેમેસ્ટ્રીમાં માત્ર બે-બે ગુણ મૂકી દેવાયા

એક સમયે ગુણવત્તાયુક્ત શિક્ષણથી રાજયનું ભવિષ્ય તૈયાર કરવાના કારણે ચર્ચામાં રહેલી ગુજરાત યુનિવર્સિટી આજકાલ નીત નવા કૌભાંડો અને છબરડાઓનાં કારણે ચર્ચામાં રહે છે. પરિણામે સ્થિતી એવી સર્જાઈ છે કે યુનિવર્સિટીની આવી મુલ્યાંકન પદ્ધતિ સામે જ પ્રશ્નાર્થ સેવાવવા લાગ્યા છે. હજી યુનિવર્સિટીમાં કોમર્સમાં ગુણ સુધારણાના કૌભાંડની તપાસ શરૂ પણ થઈ નથી ત્યારે યુનિવર્સિટીમાં વધુ એક છબરડો સામે આવ્યો છે. જેમાં યુનિવર્સિટીની પરિક્ષામાં બીએસસીનાં બે વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીના પેપરમાં બે-બે માકર્સ મુકી દેવામાં આવ્યા છે. નવાઈની વાત એ છે કે આ વિદ્યાર્થીઓને અન્ય તમામ વિષયોમાં ૭૦ ટકાથી વધુ માકર્સ મળેલા છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત યુનિવર્સિટીની ચાલુ વર્ષે લેવાયેલી પરીક્ષામાં પાર્થ ભંડારી અને માનસી પટેલ નામના બે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભણવામાં હોશિયાર એવા આ વિદ્યાર્થીઓનાં હાથમાં જ્યારે પરિણામની કોપી આવી ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. કારણ કે અન્ય તમામ વિષયોમાં ડીસ્ટ્રીકશન માકર્સ મેળવનાર આ બંન્ને વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીનાં પેપરમાં ૨-૨ માકર્સ મૂકી દેવામાં આવ્યા છે. જેનાં પગલે આ વિદ્યાર્થીઓએ કુલપતી રજૂઆત કરતા તેમણે તપાસની ખાત્રી આપી છે. નવાઈની વાત એ છે કે અગાઉની તમામ પરીક્ષાઓમાં આ વિદ્યાર્થીઓએ ડીસ્ટ્રીકેશન માકર્સ મેળવેલા છે. ત્યારે યુનિવર્સિટી દ્વારા સર્જાયેલા આ છબરડા પાછળ જવાબદાર કોણ એ પ્રશ્ન ઉપસ્થિત થયો છે. યુનિવર્સિટીનાં કુલપતી દ્વારા આ સમગ્ર છબરડાની જવાબદારી ઉત્તરવહી તપાસનાર અધ્યાપકો ઉપર ઢોળી દેવામાં આવે છે. કુલપતી એમ એન પટેલે આ અંગે જણાવ્યુ હતું કે, ઉત્તરવહી ચકાસવામાં મળતા ઓછા મહેનતાણાના કારણે આધ્યાપકો જવાબદારી પૂર્વ ઉત્તરવહ ચકાસના નથી. જેનાં કારણે આ સમસ્યા સર્જાય છે આ ઉપરાંત કુલપતીએ પુરતા સ્ટાફની અછતને પણ આ સમસ્યા માટે જવાબદાર ગણાવી હતી. સાથે જ તેમણે આ અંગે તપાસ કરાવી જવાબદારો સામે કાર્યવાહી કરવાની ખાત્રી આપીછે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે પારિતોષિક જોગ

ગાંધીનગર, તા. ૧૪

નેત્રહિન, બહેરામૂગા, મંદબૂધ્ધિવાળા, રક્તપિત્ત મુક્ત તથા વિકલાંગ વ્યક્તિઓ કે જે ૪૦ ટકા કે તેથી વધુ ક્ષતિ ધરાવતા હોય તેવા રાજય, કેન્દ્ર સરકાર તેમજ ખાનગીક્ષેત્રમાં કામ કરતા શ્રેષ્ઠ વિકલાંગ કર્મચારીઓ તેમજ વિકલાંગોના નોકરીએ રાખતા નોકરી દાતાઓ તેમજ સ્વરોજગાર કરતી વિકલાંગ વ્યકિતઓ અને વિકલાંગોને નોકરી આપવાની કામગીરી કરતા શ્રેષ્ઠ પ્લેશમેન્ટ ઓફિસરોને પારિતોષિક આપવાની ભારત સરકારની યોજના અન્વયે ૨૦૧૫ના વર્ષ માટે સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવે છે. આ માટેના અરજી ફોર્મ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ડી બ્લોક, બીજો માળ, મહાનગર સેવા સદન, સિવિલ હોસ્પિટલની સામે, સેકટર૧૧, ગાંધીનગર ખાતેથી તા. ૧૮મી જુલાઈ, ૨૦૧૫ સુધી વિના મૂલ્ય મળી રહેશે. તેમજ સંપૂર્ણ ભરેલા અને ફોર્મમાં દર્શાવેલ જરૂરી બિડાણ સાથેના ફોર્મ તા. ૨૨મી જુલાઈ, ૨૦૧૫ સુધીમાં જ સરકારી કામકાજના દિવસે રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા સ્વીકારવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, મહાનગર સેવા સદન, ગાંધીનગરની કચેરી ખાતેથી અથવા ફોન નંબર ૨૩૨ ૨૦૯૬૬ પર સંપર્ક કરવા રોજગાર અધિકારીશ્રીએ જણાવ્યું છે.

# લક્ષ્ય ગ્રુપે વધુ એક મોરપીંછ ઉમેર્યું, આજે કલાસિસનો શુભારંભ કરશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શિક્ષણનું એ.પી. સેન્ટર બની ગયું છે. શહેરમાં અભ્યાસ માટે આખા રાજયમાંથી યુવક યુવતિએ આવે છે. શાળા, કોલેજો બાદ શહેરમાં સ્પર્ધાત્મક કલાસિસોનું શિક્ષણ પણ વખણાવા લાગ્યું છે. લક્ષ્ય ગ્રુપ દ્વારા આજે કોચિંગ કલાસનો શુભારંભ કરવામાં આવશે. યુપીએસસી પાસ ઉમેદવારોનું સન્માન કરવામાં આવશે.

ગાંધીનગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસ ચલાવતા લક્ષ્ય ગ્રુપ દ્વારા આજે વધુ એક કલાસિસનો શુભારંભ કરવામાં આવશે. સરગાસણ ચાર રસ્તા સ્થિત અટ્રીયાના બીજા માળે સવારે ૮.૩૦ વાગે મુખ્ય મહેમાન ડૉ. એમ.એમ. પ્રભાકરની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. તેમજ યુપીએસસી સિવિલ સર્વિસ ૨૦૧૪માં પાસ અનુસૂચિત જાતિના પાંચ યુવાનો, ઉત્સવ પરમાર, નિરવકુમાર સુતરિયા, કિરાનેન્દુ આર્ય, ડૉ. નિરવ પટેલ અને અવિનાશ કુમારનું સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે એ.પી. પરમાર ઉપસ્થિત રહેશે.

# ભાજપાની સરકારોના કાર્ય સામાજિક સમરસતાને અનુરૂપ : ડૉ. દિનેશજી શર્મા

ગાંધીનગર, તા. ૧૪

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આજરોજ અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ શ્રી અંબાલાલ રોહિતની અધ્યક્ષતામાં અનુસૂચિત જાતિ મોરચાની પ્રદેશ બેઠક મળી હતી. જેમાં આગામી ચૂંટણીઓ તેમજ મહામહિમ ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના કાર્યક્રમોને સફળ બનાવવા અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

આ બેઠકને પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રભારી શ્રી ડૉ. દિનેશજી શર્મા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, મોરચાના પ્રભારી અને પ્રદેશ મહામંત્રી શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, રાજ્ય સરકારના મંત્રીશ્રી રમણલાલ વોરા, ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ ઉજવણી સમિતિના પ્રદેશ કન્વીનર શ્રી ભરતભાઈ પંડ્યા તેમજ વિધાનસભા ઉપાધ્યક્ષ શ્રી આત્મારામ પરમારે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુએ કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર માત્ર દલિતોના જ નહી પરંતુ રાષ્ટ્રના નેતા હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી થઈ રહી છે ત્યારે ભાજપનો દલિત કાર્યકર આ કાર્યક્રમોમાં છવાઈ જવો જોઈએ. ભાજપની ટીમ સમાજજીવનમાં પ્રભાવી રહી છે.

પ્રદેશ પ્રભારી શ્રી ડૉ. દિનેશજી શર્માએ જણાવ્યું હતું કે આગામી ચૂંટણીમાં પાર્ટીને જીતાડવા માટે સારી રણનીતિ અને ભૂમિકા તૈયાર કરવી જોઈએ. લોકો સુધી ગુજરાત અને કેન્દ્રની ભાજપની સરકારોની કલ્યાણકારી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવાની છે. ભાજપાની તમામ રાજ્ય સરકારોએ પોતાના શાસનમાં સામાજિક સમરસતાને સુદ્દઢ બનાવવાના ઉત્તમ કાર્યો કર્યા છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, બિહારમાં વાતાવરણ બદલાયું છે. તાજેતરમાં વિધાન પરિષદની યોજાયેલી ચૂંટણીઓમાં ભાજપ-એનડીએને ૧૪ જેટલી સીટોમાં વિજય થયો છે. તેનાથી ભાજપના કાર્યકરોમાં વિશ્વાસ વધ્યો છે અને અને બિહારમાં વાતાવરણ એકદમ બદલાઈ ગયું છે.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાએ જણાવ્યું હતું કે, પાર્ટીના કાર્યકર્તાથી સરકારના અને પક્ષના કાર્યક્રમો લોકો સુધી પહોંચાડવાના છે. આવનાર દિવસોમાં ભાજપમાં યુવાનો ને જોડવાનું કામ કરવાનું છે અને દરેક મંડલમાં વર્કશોપ યોજવાનો છે. સમાજમાં સમરસતા બની રહી તે જોવાનું છે.

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, મહાસંપર્ક અભિયાનમાં વધુને વધુ લોકોનો સંપર્ક કરવામાં આવે અને પંચાયત અને નગરપાલિકાઓમાં આવેલા નવા સીમાંકન પ્રમાણે ટીફીન બેઠકો કરવામાં આવે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરજી જન્મજયંતિ ઉજવણી સમિતિના પ્રદેશ કન્વીનર શ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, સેવાવસ્તીમાં રોગનિદાન કેન્દ્ર યોજવામાં આવશે. તેમજ ઉજવણી સમિતિના સમાચારો વોટ્સએપ તેમજ એસએમએસ દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવશે. અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી અંબાલાલ રોહિતે જણાવ્યું હતું કે, ગુજરાત અને કેન્દ્ર સરકારે દલિતો માટે અનેક ઉપયોગી યોજનાઓ જાહેર કરી છે તેનો પ્રચાર દલિત વસ્તીમાં જઈને કરવાનો છે.

રાજ્ય સરકારના મંત્રી શ્રી રમણલાલ વોરાએ રાજ્ય સરકાર દ્વારા સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે કરેલા કાર્યોની માહિતી આપી હતી. પ્રદેશ મહામંત્રી શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટે મોરચાને સંગઠનાત્મક બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું.